# જીવનનાં મૂલ્યોનું જતન

## મધુસૂદન ર. ગાંધી

ગરીબી, પારિવારિક મુશ્કેલી વગેરેનાં ઘેરાં કાળાં વાદળાં વચ્ચે એક ચમકતી વીજળી જેમ જીવનપથને ઊજળો કરી દે તેવી ઘટના મારા જીવનમાં બનવા પામી હતી.

૧૯૫૨ની સાલમાં વિદ્યાનગરની એન્જિનિયરિંગ કૉલેજમાં એડમિશન મળ્યું. ઘરની આર્થિક સ્થિતિ એકદમ ખરાબ, બીજી બાજુએ પિતાનો ધંધો ખૂબ જ મંદ, અને વિશેષમાં, પરિવારમાં ૧૨ માણસો ! આ બધી વિટંબણાઓ વચ્ચે મોટા ભાઈના ઘરે આણંદમાં રહીને આણંદથી વિદ્યાનગર સાઇકલ પર અથવા ચાલીને જવાની ટેવ પાડી. પ્રથમ વર્ષ પસાર તો થઈ ગયું પરંતુ બીજા વર્ષમાં એક બાજુએ પિતાની દુકાન બંધ થઈ અને બીજી બાજુએ સગાંવહાલાંઓએ હાથ ઊંચા કરી દીધા. આથી મનમાં નિર્ણય કર્યો કે કોઈ જ સગાવહાલાં પાસેથી એક પણ પૈસાની માંગણી કરવા માટે જવું નહીં. આ પ્રતિક્રિયાની ગંભીર અસર મારા અભ્યાસ પર એ રીતે વિપરિત પડી કે બીજા વર્ષમાં હૉસ્ટેલ, પુસ્તકો અને ભોજન વગેરેના ખર્ચને પહોંચી વળવાનું ખૂબ મુશ્કેલ બન્યું હતું.

બે થી ત્રણ નોટિસો આવ્યા છતાં મેં કૉલેજની ફી ભરી ન હતી, તેથી છેલ્લી નોટિસ બીજા વર્ષની પ્રથમ ટર્મની મધ્યમાં મળી અને જો હું આ ફી ન ભરું તો કૉલેજ છોડવી પડશે તેવી તાકીદ પણ નોટિસ દ્વારા મળી, પરંતુ અમારા પ્રિન્સિપાલ શ્રી એસ. બી. જુન્નારકરને મળવા માટે તેમની નજીકના જ એક વડીલને હું મળ્યો. મેં તેમને મારી વાસ્તવિક પરિસ્થિતિ વર્ણવી. તેમને ખરેખર એમ લાગ્યું કે જો આ

તેજસ્વી વિદ્યાર્થીને આર્થિક સહાય નહીં મળે તો તે અભ્યાસ છોડી દેશે. તેથી બીજે જ દિવસે મને પ્રિન્સિપાલને રૂબરૂમાં મળી જવાની ગોઠવણ કરી દીધી.

પ્રિન્સિપાલની રૂમમાં પ્રવેશ કરતાં જ જુન્નારકર સાહેબે મને ધમકીભર્યા અવાજે કહ્યું. "આ શું ગાંડપણ માંડ્યું છે ? આટલી સરસ કારકિર્દી હોવા છતાં અને તને તો તારી જ્ઞાતિની સ્કોલરશિપ મળતી હોવા છતાં કેમ ફી ભરી નથી ? કે બધા પૈસા વાપરી નાખ્યા છે ? બોલ સાચું બોલ !" હું રડવા જેવો થઈ ગયો અને તૂટક તૂટક શબ્દોમાં જવાબ આપ્યો કે, "સાહેબ ! સ્કોલરશિપના પૈસા મને વહીવટી આંટીઘૂંટીઓને કારણે નિયમિત મળતા જ નથી, પ્રથમ વર્ષ તો મેં ચા-ખાંડનો ધંધો કરીને પસાર કર્યું છે, સગાંવહાલાંઓએ પણ મારી લાચારી પર પથ્થર ફેંક્યા છે અને હવે પૈસા ન હોવાથી મેં અભ્યાસ છોડવાનો નિર્ણય લઈ લીધો છે." મેં મારી આ વાત પૂરી કરી ત્યાં તો એકાએક ઋષિતુલ્ય પ્રિન્સિપાલ ખુરસીમાંથી ઊભા થયા અને મારી પીઠ થાબડીને બોલ્યા કે, "બેટા ! આ તારો કાકો બેઠો છે, ને તું અભ્યાસ છોડવાની વાત કરે છે ? શરમ નથી આવતી ? જા, હવે રૂમ પર અને વાંચવાનું શરૂ કર ! તું બી.ઈ. સિવિલ થઈશ ત્યાં સુધીની તારી બધી જ જવાબદારી આ તારા કાકાની !"

બસ. તે દિવસથી મારી જિંદગીની કપરામાં કપરી પરિસ્થિતિમાં પલટો આવ્યો, જેને હું મારી જિંદગીનો ટર્નિંગ પૉઇન્ટ ગણું છું. સને ૧૯૫૫ના માર્ચમાં બી.ઈ. સિવિલની પરીક્ષા પાસ કરીને જ્યારે હું પ્રિન્સિપાલ જુન્નારકર સાહેબને મળવા ગયો ત્યારે મને પુત્રવત્ ગણીને મારી વ્યાવસાયિક કારકિર્દીને ઉજ્જવળ કરવાના હેતુથી ભવિષ્યમાં બે સિદ્ધાંતોને વળગી

રહેવાની શિખામણ આપી. તેમણે કહ્યું કે 'બેટા; પી. ડબલ્યુ. ડી.ની નોકરીમાં જોડાય તો કદી લક્ષ્મણરેખા ઓળંગતો નહીં અને જેવી રીતે તારા જીવનને સફળ કરવા માટે મેં મારી ફરજના એક ભાગ તરીકે તને મદદ કરી છે, તેવી જ રીતે તું પણ કોઈનું જીવન સફળ કરવામાં પળનો પણ વિલંબ કર્યા સિવાય તારાથી શક્ય બને તેટલી મદદ કરી છૂટજે."

ઉપર્યુક્ત બંને શિખામણોને મારા જીવનમાં ચુસ્તપણે વળગી રહેવાનું મારાથી શક્ય બન્યું છે તેનો મને પૂર્ણ સંતોષ સાંપડ્યો છે તેવા બે કિસ્સા આજે પણ યાદ કરીને કૃતકૃત્ય થઈ જવાય છે.

સને ૧૯૫૮માં જ્યારે હું મહી કેનાલ પ્રોજેક્ટ પર ઓવરસિયર તરીકે નોકરી કરતો હતો ત્યારે, મહીની મુખ્ય કેનાલ કે જે સારસા-ખાનપુર રસ્તાને ઓળંગતી હતી તેના પર પુલ બાંધવાના કામનો કૉન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. એક તરફ તા. ૫-૨-૧૯૫૮ના રોજ મારું લગ્ન નિર્ધારીત હોવાથી તા. ૩-૨-૫૮ના રોજથી હું રજા પર જવાનો હતો. હવે તા. ૧-૨-૫૮ના રોજ પ્રસ્તુત પુલના થાંભલા પર સ્લેબ અને બીમનું કૉંક્રીટ ભરવા માટે સેન્ટરીંગ ઊભું કરીને સાંજે રી-ઇન્ફોર્સમેન્ટનું ચેકિંગ કરીને બીજે દિવસે સવારે મારા આવ્યા બાદ જ કૉંક્રીટ ભરવા માટેની તૈયારીઓ કરવા માટે ઈજારદારને સૂચના આપી. પરંતુ કમનસીબે બીજે દિવસે જ્યારે મેં ઇન્સ્પેક્શન કર્યું ત્યારે ત્રણ સ્પાનના કુલ નવ બીમના મેઈન સ્ટીલના સળિયા બદલે પૈકી દરેક બીમમાંથી ચાર નંગ કાઢી લેવામાં આવ્યાનું મને ધ્યાને પડ્યું. આની ગંભીરતા યાદ કરતાં મારો માંહ્યલો વ્યથિત થયો અને મેં ઈજારદારને કડક શબ્દોમાં હુકમ કર્યો કે, જ્યાં સુધી આ બધા જ સળિયાઓ પાછા

લાવીને યથાવત્ સ્થિતિમાં બાંધવામાં નહીં આવે ત્યાં સુધી હું કૉક્રીટ ભરવા નહીં દઉં, એટલું જ નહીં પરંતુ તે વખતે જે સ્થિતિ હતી તેનો ફોટોગ્રાફ પાડીને કાર્યપાલક ઇજનેર સુધી લેખિત ફરિયાદ કરવા રૂબરૂમાં આણંદ આપવા જઈશ. આમ કહ્યું ત્યારે, ઇજારદારે મારી લગ્નવિષયક પરિસ્થિતિનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, "સાહેબ, થોડા વ્યવહારુ બનો. બે દિવસ પછી તમારું લગ્ન આવે છે, અમને આ સ્થિતિમાં કોંક્રીટ ભરવા દો અને તમારા લગ્ન પ્રસંગે જે ઘટતું થતું હશે તે સમજી લઈશું."

એ જ ટાણે મને પ્રિન્સિપાલ જુન્નારકરની લક્ષ્મણરેખા ન ઓળંગવાની પહેલી શિખામણ યાદ આવી. આટલા ઓછા સળિયાને કારણે પુલની મજબૂતાઈમાં ગમે ત્યારે ભંગાણ પડી શકે છે તેવી ચોક્કસ શક્યતા મારા ટેક્નિકલ જ્ઞાનને કારણે મને લાગવાથી, મેં તે જ પળે ઇજારદારને કહ્યું કે રજા કેન્સલ કરાવીને પણ હું આ કામ સ્પેસીફીકેશન મુજબ જ કરાવીને જંપીશ. મારો જુસ્સાદાર જવાબ સાંભળીને ઇજારદારે તે દિવસે રાત્રે જ ગમે તે રીતે ખૂટતા સળિયા લાવીને બીજે દિવસે સવારમાં બીમમાં ભરપાઈ કરી દીધા અને તા. ૩-૨-૧૯૫૮ના રોજ બતાવીને જ કોંક્રીટ ભરવાની પરવાનગી માંગી જે મેં સહર્ષ સ્વીકારીને આપી એટલું જ નહીં પણ સવારથી સાંજ, ત્યાં ઊભા રહીને સ્લેબ અને બીમનું કામ પતાવીને જ બીજે દિવસે હું લગ્ન માટે રજા પર ઊતર્યો ત્યારે જ મેં મારી ફરજની પ્રતિબદ્ધતા પૂર્ણ રીતે જળવાઈ રહી તેને ઈશ્વરની કૃપા સમજી એટલું જ નહીં પરંતુ ઇજારદારને કોઈ પણ જાતની ખોટી કનડગત ન કરતાં પછીનું સમગ્ર કામ સક્ષમ રીતે પૂર્ણ કર્યું.

પ્રિન્સિપાલ જુન્નારકર સાહેબની બીજી

શિખામણનું પણ પાલન કર્યાનો મારા જીવનમાં એક અનોખો કિસ્સો એ રીતે બન્યો કે મારું મૅથેમેટીક્સ ખૂબ જ પાક્કું હોવાને કારણે, મેં મારા સૌથી નાના ભાઈને ૧૯૭૩ની સાલમાં અઘરામાં અઘરા દાખલાઓ શિખવાડ્યા હતા એટલું જ નહીં પરંતુ તેની એક નોટબુક તૈયાર કરીને, જે તે મિત્રનાં સંતાનોને પણ રેફરન્સ ખાતર આપવાની તૈયારી બતાવી હતી. આ પરિપ્રેક્ષ્યમાં, સને ૧૯૮૨માં જ્યારે હું કાર્યપાલક ઇજનેર તરીકે વડોદરા ખાતે એક દિવસ સવારમાં મારા કામ પર જવાની તૈયારી કરતો હતો ત્યારે જ, અચાનક મારા એક ખાસ મિત્ર વાસુદેવરાવની દીકરી વરણા મારી પાસે આવી અને મને કહ્યું કે "કાકા, મારા પપ્પાએ મને તમારી પાસે બે અઘરા દાખલા શીખવા માટે મોકલી છે અને આજે બપોરે મારી પ્રી. મેડિકલ/એન્જિનિયરિંગની પરીક્ષામાં આ દાખલાઓ પુછાવાની પૂરેપૂરી શક્યતા છે." મને તરત જ પ્રિન્સિપાલ જુન્નારકર સાહેબની બીજી શિખામણ યાદ આવી, તેથી મારી સાઇટ પર ઉપલા અધિકારીની વિઝિટ હોવા છતાં, મેં મારી ભૂતકાળની નોટબુક કાઢીને તેમાં નજર કરી તો, તે બે દાખલા ગણેલા જોવા મળ્યા તેથી મેં તરત જ તેની રીત - ફૉર્મ્યુલા વગેરેની સમજણ વરણાને આપી અને તે નોટબુક પણ તેને આપી દીધી.

તે વાતને આશરે ૧૮ વર્ષ જેટલો સમય વીતી ગયો. સને ૨૦૦૦માં જ્યારે હું બેંગાલુરુ ખાતે ઇરીગેશન કમિશનના એક સેમીનારમાં ગયો હતો ત્યારે વળતી મુસાફરીમાં વાસુદેવરાવે મને કોઈ પણ હિસાબે તેમના ઘરે મળવા માટે ખૂબ જ આગ્રહભર્યું આમંત્રણ આપ્યું. હું તેમના ઘરે ગયો અને મારે મારી ફલાઇટનો સમય થયો હોવાથી તરત જ નીકળી જવું પડશે તેવું